Extra No. 185

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] SATURDAY, MAY 31, 2025 / JYAISTHA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**ના તારીખઃ **૨૪મી જુલાઈ, ૨૦૨૩**ના જાહેરનામા **ક્રમાંક: જીવાયસી/૦૫/૨૦૨૩/બીએનકે/૨૦૨૨/૦૬૧૨/એફ** -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

The Superintendent, Class III (Conditions of service relating to Pre-service Training and passing of Post-Training Examination) Rules, 2023.

અધીક્ષક, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની બાબતને સંબંધિત સેવાની શરતો) નિયમો, ૨૦૨૩ સંબંધી

જાહેરનામું

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૨૦૨૩

ભારતનું બંધારણ.

ક્રમાંક. જીવાયસી/૦૫/૨૦૨૩/બીએનકે/૨૦૨૨/૦૬૧૨/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભાષા નિયામકની કચેરીમાં, અધીક્ષક, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની બાબતને સંબંધિત છે ત્યાં સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો, અધીક્ષક, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની બાબતને સંબંધિત સેવાની શરતો) નિયમો, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) કચેરી અધીક્ષક, વર્ગ ૩ની જગા પર નિમણૂકનું સંચાલન કરતા અન્ય કોઈ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તે, નીચલી જગા પરથી બઢતી આપી હોય તે સિવાય, ભાષા નિયામકની કચેરીમાં, અધીક્ષક, વર્ગ ૩ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''કરાર આધારિત જગા'' એટલે ભાષા નિયામકની કચેરીમાં, અધીક્ષક, વર્ગ ૩ની જગા જેના પર સીધી નિમાયેલી વ્યક્તિઓને કરાર આધારિત ધોરણે નિમણૂક કરવામાં આવી હોય;

(ગ) "મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)" એટલે સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA)ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ);

(ઘ) ''સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ'' એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ભલામણ પર, ગુજરાત સરકારના સચિવાલયના ભાષા નિયામકની કચેરીમાં, અધીક્ષક, વર્ગ ૩ની જગા પર કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય તે વ્યક્તિ;

(ચ) ''સંસ્થા'' એટલે સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA) અથવા સરકાર જાહેર કરે તેવી સંસ્થા;

(છ) ''તાલીમાંત પરીક્ષા'' એટલે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને પૂર્વ-સેવા તાલીમ આપી હોય તેવી સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA) દ્વારા યોજેલી તાલીમાંત પરીક્ષા;

(જ) ''નિર્દિષ્ટ તકો'' એટલે કોઈ વ્યકિતએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા.

(ઝ) ''નિર્દિષ્ટ મુદત'' એટલે કોઈ વ્યકિતએ જેટલી મુદતની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાની યોજના-

નીચેની જોગવાઈઓ અનુસાર દરેક સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે અને સંસ્થા દ્વારા યોજવામાં આવતી તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે:-

(૧) સંસ્થાકીય તાલીમ, છ (૬) અઠવાડિયાની મુદત સુધીની રહેશે. આ તાલીમ, સંસ્થાએ આપવાની રહેશે;

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA)ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થા તાલીમાંત પરીક્ષા યોજશે. જેમણે સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેઓની તાલીમાંત પરીક્ષા સુધી તેઓની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા:- (૧) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાગત તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તે તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને કરાર આધારિત નિમણૂક સમાપ્ત થવાને પાત્ર ઠરશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને, સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, ત્રણ કરતાં વધુ દિવસની કોઈપણ પ્રકારની રજાની અથવા ગેરહાજરીની પરવાનગી આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, ત્રણ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને સંસ્થાના મહાનિયામકને એવી ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોના કારણે નથી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિનો ગેરહાજરીના દિવસો માટેનો પગાર કપાત કરવા માટે આદેશ આપી શકશે.

૫. પરીક્ષા પાસ કરવા માટેની તકો:-

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, ત્રણ તકોની અંદર અને તેમની પાંચ વર્ષની કરારગત મુદતની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવી જરૂરી રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ રહે તેવી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને એક વધારાના પ્રયત્નની છૂટ આપવી જોઈશે, જેનો લાભ તેણે, તેની ત્રીજી તક લીધી હોય તે તાલીમાંત પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે ઠરાવેલા પ્રયત્નોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે વ્યક્તિ, તેના કાબૂ બહારના કારણોસર ઠરાવેલા પ્રયત્નોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરી શકી નથી, તો તે કિસ્સામાં તે, લેખિતમાં કારણોની નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને, આવી તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, વધારાની તકનો લાભ લીધા પછી, વ્યક્તિ તાલીમાંત પરીક્ષા પાસ કરે, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ પ્રયત્નો અને નિર્દિષ્ટ મુદતની અંદર આવી પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર, તે સિનિયોરિટીનો દાવો કરવા હકદાર રહેશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)-માં જણાવેલા સંજોગોમાં, તાલીમાંત પરીક્ષાઓ સમયસર યોજી ન શકાય અથવા તેનું પરિણામ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિની કરારગત મુદત પૂરી થાય તે પહેલાં જાહેર કરી ન શકાય, તો તેની/તેણીની કરારગત મુદત, તેણે લીધેલી છેલ્લી વધારાની તક લીધી હોય તે તાલીમાંત પરીક્ષાના પરિણામની જાહેરાત સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાને, એક તક તરીકે ગણવામાં આવશે.

૬. પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ:-

(૧) તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા રહેશે.

(૨) કોઈપણ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) કોઈ ઉમેદવાર ખાતાકીય પરીક્ષામાં માત્ર એક જ પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવી શક્યો ન હોય, તો આવા ઉમેદવારને તે પ્રશ્નપત્ર માટે કુલ ગુણના ૫% સુધીના કૃપા ગુણ આપવામાં આવશે અને કૃપા ગુણ પછી, જો તે લાયકી ધોરણને સમકક્ષ અથવા વધુ ગુણ મેળવે, તો તેને પાસ જાહેર કરવામાં આવશે.

(૪) ઉમેદવાર, પાંચ પ્રશ્નપત્રોમાંથી કોઈ એક પ્રશ્નપત્રમાં પચાસ કરતાં ઓછા ગુણ મેળવે અને અન્ય ચાર પ્રશ્નપત્રોમાં પચાસ અથવા પચાસ કરતાં વધારે ગુણ મેળવે, તો આવા સંજોગોમાં, (તેને) વધુમાં વધુ પાંચ કૃપા ગુણ આપવા જોઈશે અને તે પરીક્ષામાં પાસ જાહેર કરવામાં આવશે.

૭. પરીક્ષાની યોજના:-

(૧) તાલીમાંત પરીક્ષા પાંચ પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર-૫ સિવાય, પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટી ચોઈસ ક્વેશ્ચન્સ)ની રહેશે. પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નપત્ર ૫-ના જવાબ, અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

(૩) ઉમેદવારને પ્રશ્નપત્રો ૧ થી ૪ના જવાબ, પુસ્તકોની મદદથી આપવા દેવામાં આવશે અને પ્રશ્નપત્ર ૫ના જવાબ, પુસ્તકો સિવાય આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ:- પુસ્તકો સાથે એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત મંજૂર કરેલું, વિષયનું અસલ પુસ્તક અને તેમાં કોઈ વિવરણ અથવા કેસ લો સિવાયના મૂળ અધિનિયમો (Bare Acts) અને/અથવા નિયમો તેમજ ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અને અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહોનો (મેન્યુઅલ) સમાવેશ થાય છે.

૮. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો:- સંસ્થા, સંસ્થાકીય તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈ અનામત જામીનગીરીની રકમ લીધા વિના પુસ્તકો પૂરા પાડશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તાલીમાંત પરીક્ષા પૂરી થયા પછી તરત જ પુસ્તકો પાછા આપવાના રહેશે. તે ખોવાઇ જાય અથવા નુકસાન પામે તે કિસ્સામાં, સંસ્થા દ્વારા સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવામાં આવશે.

૯. પરીક્ષા ખંડમાં અમુક સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઇ).- કોઇપણ સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપટોપ, આઇ-પેડ, કેલ્યુલેટર વગેરે જેવા ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના અન્ય કોઇ સાધનો (ડિવાઇસ) પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૦. પરિણામની પ્રસિદ્ધિ બાબત.- સ્પીપાના મહાનિયામક, દરેક તાલીમાંત પરીક્ષાનું પરિણામ સરકારને રજૂ કરશે. સરકાર તે (પરિણામ) સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે.

૧૧. જામીનગીરી અને જામીનખત.-

(૧) સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, આ નમૂના સાથે જોડેલા પરિશિષ્ટ-૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનખત કરી આપવાનું રહેશે.

૧૨. પ્રકીર્ણ જોગવાઇઓ.-

(૧) મહાનિયામક, પ્રવર્તમાન સંજોગો મુજબ સંસ્થાકીય તાલીમ અને/અથવા પરીક્ષાનો કાર્યક્રમ બદલવા અથવા તેમાં ફેરફાર કરવા હકદાર રહેશે.

પરિશિષ્ટ-ક

(જુઓ નિયમ ૭ (૧))

ભાષા નિયામકની કચેરીમાં, સીધી ભરતીથી નિમાયેલા અધીક્ષક, વર્ગ-૩-માટે સંસ્થાકીય તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧: ભારતનું સંવિધાન, પંચાયતી રાજ

કુલ: ૧૦૦ ગુણ, સમયગાળો: ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) અનુચ્છેદ - ૩૨, ૨૨૬, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧.

(૨) મૂળભૂત હકો.

(૩) માર્ગદર્શક સિદ્ધાંતો.

(૪) ગુજરાત જાહેર સેવા આયોગની કામગીરી (અનુચ્છેદ ૩૨૦).

(૫) ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.

(૬) ૭૩મા અને ૭૪મા સુધારાને લક્ષમાં લઈને, પંચાયતો અને નગરપાલિકાની જોગવાઈઓ.

(૭) સુપ્રિમકોર્ટ અને હાઈકોર્ટ.

(૮) ચૂંટણી આયોગ (કેન્દ્ર અને રાજ્ય).

(૯) નાણા આયોગ.

(૧૦) સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી.

(૧૧) પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદાઓ.

(૧૨) જાહેર વહીવટ - મૂળભૂત વિભાવના, જાહેર નીતિ અને વ્યવસ્થા.

પ્રશ્નપત્ર ૨ : કચેરી કાર્યપદ્ધતિ, અધિનિયમો અને નિયમસંગ્રહ

કુલ : ૧૦૦ ગુણ, સમયગાળો: ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) કચેરી કાર્યપદ્ધતિનો નિયમસંગ્રહ (બિન-સચિવાલય)

(૨) સચિવાલય અને ક્ષેત્ર સંબંધ (ફિલ્ડ રિલેશનશીપ)

(૩) ખાતાકીય પરીક્ષા નિયમો/ભરતી નિયમો.

(૪) લોકસભા/રાજ્યસભાના પ્રશ્નો- તેના પ્રકારો અને કાર્યરીતિ.

(૫) રજૂઆતની રાહ અને સત્તાની સોંપણી.

(૬) વહીવટી સુધારા-જરૂરિયાત અને પગલાં.

(૭) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭.

(૮) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (તમામ સુધારા સાથે).

(૯) કામકાજના નિયમો અને તે હેઠળ આપવામાં આવેલી સૂચનાઓ.

પ્રશ્નપત્ર ૩: સેવાવિષયક બાબતો.

કુલ : ૧૦૦ ગુણ, સમયગાળો: ૩ કલાક, (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત વિધાનસભા નિયમો.

(૨) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

(૩) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૪) ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ- ૧ થી ૮).

(૫) પરફોર્મન્સ એપ્રાઈઝલ રિપોર્ટ (કામગીરી મૂલ્યાંકન અહેવાલ) અને માર્ગદર્શક સૂચનાઓ.

(૬) રોસ્ટર નિયમસંગ્રહ (મેન્યુઅલ) (રોસ્ટર રજિસ્ટર કેવી રીતે તૈયાર કરવું, જાળવવું અને રોસ્ટર પોઈન્ટ્સ (મુદ્દા)ની ફાળવણી).

(૭) ગુજરાત જાહેર સેવા આયોગ (વિચારવિનિમય) વિનિયમ, ૧૯૬૦.

(૮) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

પ્રશ્નપત્ર ૪: નાણાકીય બાબતો

કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો-૩ કલાક (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત અંદાજપત્ર નિયમસંગ્રહ (બજેટ મેન્યુઅલ), ભાગ ૧ અને ૨.

(૨) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

(૩) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

(૪) નાણાકીય સત્તાની સોંપણી.

(૫) ગુજરાત સરકારની ખરીદ નીતિ.

(૬) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

(૭) મુંબઈ સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો અને વર્ધિત ભવિષ્ય નિધિ નિયમો.

પ્રશ્નપત્ર ૫: ગુજરાતી અને અંગ્રેજી ભાષા.

કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો-૩ કલાક (પુસ્તકો વિના)

(૧) અંગ્રેજી અને ગુજરાતીમાં મુસદ્દા લેખન અને નોંધ.

(૨) જનસંપર્ક અને સંદેશાવ્યવહાર.

(૩) લોકો અને અન્ય સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર.

(૪) હાઈ કોર્ટને લગતી બાબતો- પરિચ્છેદ-પ્રમાણે વિશેષ-નોંધ (રિમાર્કસ) તૈયાર કરવી, સોગંદનામું ફાઈલ કરવું અને 'સ્પીકિંગ ઓર્ડર્સ' (વિગતદર્શક હુકમ)નો મુસદ્દો તૈયાર કરવો.

(૫) પત્રોના વિવિધ પ્રકારો અને તેમની વચ્ચેનો તફાવત.

(૬) વિવિધ પ્રકારના સરકારી હુકમો, તેનો ઉપયોગ, અગત્યતા (સરકારી ઠરાવ, જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદી વગેરે).

(૭) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.

(૮) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.

પરિશિષ્ટ ૨

(જુઓ નિયમ ૧૦)

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું ....., હું ..... વિભાગના તારીખઃ .....ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ .....માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી, ''નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર .....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી, ''સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચૂકવવાનું થતું હોવાથી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા મને આપવામાં આવેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ..... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરારગત નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હોય, તો તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (ઘ) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીન-ખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલા નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે; પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી

(પૂરું નામ અને સરનામું)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યું:-

૧. સહી અને પૂરેપૂરું સરનામું.

૨. સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે, ... અને ....., રહેવાસી ..... તાલુકો..... જિલ્લો ....., તે ઉપરના નામવાળા .....ના (જેનો આમાં હવે પછી, ''ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત નિમણૂકની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હોય, તો તેની સરકારને ખાતરી થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (૪) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી તેની નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કર્યો હોવાથી, સંસ્થાએ તેને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઈ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતી ગુજરાત સરકારને (જેનો આમાં હવે પછી, ''સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુક્ત અને વ્યક્તિગત રીતે બંધાઈએ છીએ અને અમે કબૂલ થઈએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે; અને વધુમાં અમે કબૂલ થઈએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી બોલીઓ અને શરતમાં કોઈ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઈશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને વ્યક્તિગત રહેશે.

સદરહુએ સન ૨૦.....ના .....મહિનાની .....તારીખે સહી કરી અને સોંપ્યું.

તારીખ: જામીનની સહી

સ્થળ: પૂરું સરનામું અને ધંધો

તારીખ: જામીનની સહી

સ્થળ: પૂરું સરનામું અને ધંધો

નીચેનાની હાજરીમાં :

સાક્ષીની સહી, પૂરું સરનામું અને ધંધો:

સાક્ષીની સહી,

પૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એસ. વસાવા (આઈએએસ),

સરકારના સંયુક્ત સચિવ,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.06.26 19:17:09 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar